# ફોજદારી (સી.સી.) નં.૯૫૧૮/૨૦૧૮

## <u>ફરીયાદ પક્ષની ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૧ અન્વયે કેસ પરત ખેંચવાની પરવાનગી અરજી તળે હુકમ</u>

નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, ગુજરાત રાજયના ક્રમાંક નં.ડીઆઈએસએચ/એ–કાયદા/૨૦૨૧/૧૩૦૧, તા.૯–૯–૨૦૨૧ ના હુકમ અન્વયે અત્રેની કોર્ટમાં શ્રી વાય.જી.પટેલ, કાયદા અધિકારી, ઔદ્યોગિક સ્વાસ્થ્ય અને સ્વાસ્થ્ય અધિકારીની ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧ અન્વયે હાલનો કેસ પરત ખેંચવાની પુરસીશ તથા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનો તા.૨–૯–૨૦૨૧ ના રોજનો હુકમ તથા કેસપેપર્સ વંચાણે લીધા. હાલનો કેસ ખુબ જ જુનો છે અને ઘણા લાંબા સમયથી આરોપીને સમન્સ/વોરન્ટ બજેલ નથી. રેકર્ડ જોતાં પુરતા પ્રયત્નો કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી અને ભવિષ્યમાં મળી આવવાની શકયતા જણાતી નથી. આ કેસ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૬૦ની વ્યાખ્યામાં આવે છે. આવા સંજોગોમાં ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૧ અન્વયે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હુકમ મુજબ ફરીયાદ પક્ષને હાલનો કેસ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. હાલના કેસમાં આરોપીને ઉપરોકત ગુનામાં ડીસ્ચાર્જ કરવા હુકમ કરવામાં આવે છે અને તે મુજબ કેસ ફેસલ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૧ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ નેશનલ લોકઅદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૯/૨૦૨૧<br>
સ્થળ : અમદાવાદ.

(નિલેશ અશોકભાઈ ઈજનેર)<br>
CODE : GJ00484<br>
એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,<br>
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)<br>
લેબર કોર્ટ, અમદાવાદ.